NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**યુનિવર્સિટી હસ્તકની કચેરીઓ ખાતે કાર્યરત વિવિધ બેન્ક ખાતાઓમાં જમા રહેલ વણ-વપરાયેલ અને Untraced-Unclear ફંડ/રકમ GENERAL FUND માં જમા કરાવવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ કચેરીનાં વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી ખાતે ટુંકા સમયગાળા માટે યોજવામાં આવતા સેમીનાર વર્કશોપ તેમજ કૃષિ મેળા જેવા વિવિધ પ્રોગ્રામો માટે અત્રેની કચેરી મારફત માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી કામચલાઉ બેંક ખાતા ખોલવામાં આવેલ છે. તે સિવાય યુનિવર્સિટીની અન્ય પ્રવૃત્તિ અને કચેરીઓ ખાતે કરવામાં આવતી ખરીદીઓ અને યુનિવર્સિટી આવકોના નાણાંકીય વ્યવહારો માટે પણ આ પ્રકારના બેંક ખાતાઓ ખોલવામાં આવેલ છે. આવા બેન્ક ખાતાઓમાં **ઘણા સમયથી વણ-વપરાયેલ અને Untraced-Unclear ફંડ/રકમ જમા રહેલ હોઈ એવું ધ્યાને આવેલ છે**. આ બાબતે ભવિષ્યમાં કોઈ **ઓડીટ સંબંધિત પ્રશ્નો** ઉપસ્થીત ન થવા પામે એ અર્થે આપશ્રીઓની કચેરી હસ્તકના તમામ બેન્ક ખાતાઓમાં જમા રહેલ વણ-વપરાયેલ અને Untraced-Unclear ફંડ/રકમ અત્રેની કચેરીના GENERAL FUND એકાઉન્ટમાં જમા કરવા આથી સંબંધિત સર્વેને જણાવવામાં આવે છે. અત્રેની કચેરીના GENERAL FUND એકાઉન્ટના બેન્ક ની વિગત આ સાથે સામેલ છે. જો આ ફંડ/રકમ અત્રે જમા ન કરવામાં આવશે અને કોઈપણ પ્રકારના નાણાંકીય પ્રશ્નો કે ઓડીટ પ્રશ્નો ઉપસ્થિત થવા પામશે તો તેની સંપૂર્ણ જવાબદારી જેતે કચેરીની રહેશે.

વધુમાં, ઉકત વિગતે જમા કરાવેલ ફંડ/રકમના આધારો સહિતની વિગતો comptroller@nau.in અને control@nau.in ઉપર ફક્ત ઈમેલ દ્વારા જાણ કરવાની રહેશે. આ પ્રકારની તમામ રકમ GENERAL FUND એકાઉન્ટમાં જમા કરાવ્યા બાદ જેતે કચેરીના હવાલે બજેટ સદર **(૧૮૧૩૦)** માં આ રકમ બેલેન્સ તરીકે ફાળવી આપવામાં આવશે. આ બજેટ સદર હેઠળ જમા થયેલ Untraced-Unclear ફંડ/રકમ સ્પષ્ટ થયેથી પરત કરી શકાશે.

**જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/ /૨૦૨૫**
**નવસારી, તા. ૦૧/03/૨૦૨૫**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૩) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૪) અત્રેની યુનિવર્સિટીના માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.